# સલવારની મોરીની ડિઝાઈન સિમ્પલ નહિ પરંતુ ડિઝાઈનર બનાવો

**ફેશનનો અર્થ છે કપડાં દ્વારા પોતાને વ્યક્ત કરવા. ડ્રેસ પહેરવાની તમારી રીત એક સંદેશ આપે છે અને આસપાસનાં લોકોને તમારી પર્સનાલિટી સમજવામાં મદદ કરે છે. ટ્રેડિશનલ આઉટફિટ્સ પહેરવાથી કોઈ પણ મહિલા ખૂબસૂરત દેખાઈ શકે છે. ફેશનમાં હંમેશાં કંઈક ને કંઈક નવું જોવા મળે છે. આજકાલ સલવાર સૂટ ફરીથી ટ્રેન્ડમાં છે. સલવારને તમે થોડી ડિફરન્ટ બનાવી શકો છો. સલવારની મોરી પર અલગ ડિઝાઈન બનાવી એને આકર્ષક બનાવી શકાય છે. સલવાર, પેન્ટની મોરી પ્લેન રાખવાને બદલે ફેન્સી પેટર્ન કરાવી આખા સૂટનો લુક બદલી શકાય છે. આવો જાણીએ કેવા પ્રકારની ડિઝાઈન તમારી સલવાર પર સારી લાગશે.**



## પર્લ ડિઝાઇન



જ્યારે સલવાર પર ડિઝાઇન કરાવો ત્યારે કુરતામાં કયા પ્રકારની ડિઝાઇન અને પ્રિન્ટ છે તે જોઈ એવી ડિઝાઇન મોરી પર કરાવો. જો કુરતામાં પર્લ ડિઝાઇન હોય તો સલવાર પર એ ડિઝાઇન સારો લુક આપશે. કલરફુલ દોરા, નાનાં મોતી અને ટીકીથી મોરી પર લાઈટ વર્ક કરાવી શકાય.

## ફ્લોરલ મોરી ડિઝાઇન

સૂટના મેચિંગ અથવા કોન્ટ્રાસ્ટ શેડના ફેબ્રિકનાં ફૂલ અને તેના પર પર્લ અને બીડ્સ લગાડી ફેન્સી ડિઝાઇન કરાવી શકાય.



## પ્રિન્ટેડ ફેબ્રિક અટેચ કરાવો

સૂટનું ફેબ્રિક જો પ્રિન્ટેડ હોય તો એ જ કપડાંને મોરી પર લગાડી સલવારને એક સ્ટાઇલિશ અને ફેન્સી ટચ આપી શકાય છે. ખાસ કરીને ડેઇલી વેર કોટન સૂટ સાથે આ પ્રકારની ડિઝાઇનવાળી મોરી ઘણી ટ્રેન્ડી લાગે છે. એને ઓફિસ કે કોલેજ વેર માટે પણ સહેલાઈથી ટ્રાય કરી શકાય છે.

## લેસથી ફેન્સી લુક



સૂટમાં લેસ ઘણી સુંદર લાગે છે પરંતુ જો સિમ્પલ સલવારને સ્ટાઇલિશ લુક આપવો હોય તો એના પર લેસ વર્ક કરાવો. સૂટના વર્ક અને પ્રિન્ટને અનુરૂપ લેસ પસંદ કરો. જો સફેદ વર્ક હોય તો એ જ કલરની લેસ લગાડો.

## બટન ડિટેલિંગવાળી સલવાર

લેસ અને બટનની ખૂબસૂરત ડિટેલિંગવાળી મોરી સલવારના લુકને સ્ટાઇલિશ બનાવે છે. જો સિમ્પલ સલવારમાં કંઈક અલગ ટ્રાય કરવા ઇચ્છતાં હો તો સૂટ સાથે આ પ્રકારની ડિઝાઇનવાળી સલ છો. આ મોરી પ્લેન સૂટ પર સ્ટાઇલિશ અને ડિઝાઇનર ટચ આપી દે છે. બટન અથવા બીડ્સની ડિટેલિંગ પાતળી મોરી પર સારી લાગે છે.



## આકર્ષક કટવર્ક

જો તમારે લેસ કે પર્લ લગાડવા ન હોય તો તમે સલવારની મોરી પર કટ વર્ક કરાવી શકો છો. કટ વર્ક સોબર પણ લાગે છે અને સલવાર સ્ટાઇલિશ દેખાય છે. એમાં બીડ્સ લગાડવાથી એનો લુક વધુ એટ્રેક્ટિવ બની જાય છે.

## ફ્રિલવાળી મોરી

સલવારને ફેન્સી અને સ્ટાઇલિશ લુક આપવાની આસાન રીત. મોરીની કિનાર પર લાઈટ ફ્રિલ લગાડીને સિમ્પલ સલવારને વધુ સ્ટાઇલિશ બનાવી શકાય છે. કોટન અને રેયોન જેવા ફેબ્રિક પર આ ડિઝાઇન ઘણી ખૂબસૂરત લાગે છે. જો સૂટ પ્લેન હોય તો કોન્ટ્રાસ્ટ રંગની ફ્રિલ એને સ્ટાઇલિશ બનાવી શકે છે. ડેલી વેરથી નાના ફંક્શન સુધી આ ડિઝાઇન દરેક લુકમાં સહેલાઈથી ફિટ થઈ જાય છે.



## પાઈપિંગ

સલવારની મોરી પર ખૂબસૂરત કટવર્ક કરાવી પાઈપિંગ કરાવી શકાય. પાઈપિંગ કરાવવાથી ડિટેલિંગ વધુ નિખરે છે. એ માટે કોન્ટ્રાસ્ટ શેડ કે સૂટને મેચિંગ કાપડ લઈ શકાય.

## ટેસલ્સથી મળશે એટ્રેક્ટિવ લુક

આ ડિઝાઇનર મોરી તમારા સૂટને ચાર ચાંદ લગાડશે. નાના-નાના ટેસલ્સની મોરી પર ડિટેલિંગ કરાવી શકાય. કિનાર પર બારીક લેસ વધારે એટ્રેક્ટિવ અને ફેન્સી લુક આપશે.

## ફેસ્ટિવ લુક માટે ગોટા વર્ક

જો સૂટમાં ગોટા વર્ક હોય અને સલવાર સિમ્પલ હોય તો ગોટા વર્કથી સલવારની મોરી પર ડિટેલિંગ કરાવી શકાય.

સિમ્પલ ગોટાની ગોટાપટ્ટી લેસથી પણ સલવારનો લુક ચેન્જ થઈ જાય છે.

## લીફ શેપમાં ડિઝાઇન

મોરી માટે આ પ્રકારની ડિઝાઇનર પેટર્ન પણ પસંદ કરી શકાય. એ એટ્રેક્ટિવ લુક આપશે. સલવારની મોરી પર દોરાનું વર્ક કરવામાં આવે છે. એના પર સાથે ટીકી વર્ક પણ થાય છે. એલિગન્ટ લુક ઈચ્છતાં હો તો આ પ્રકારની મોરી બનાવી શકાય.

